
## ૬ બતક અને અથવા પણ હંસ

Y8E2J1

### ચાલો, ગાઈએ ગીતડું :



ઊંચા ઊંચા ડુંગર ચડશું
ઊંડી ઊંડી ખીણ ઊતરશું.
વ્હેતા જળમાં ન્હાશું તરશું,
હરિયાળીમાં હરશું ફરશું.
પંખી સાથે કલરવ કરશું.
મીઠા તડકે અમે મલકશું,
રેશમિયા રેતીમાં ઢળશું,
મોજાંને મસ્તીથી મળશું.

આ ચિત્ર 'જંગલ બુક' નામની એક વાર્તાના પુસ્તકનું છે. તે વાર્તા તમને ખબર છે? શિક્ષક પાસેથી જાણો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મોટેથી વાંચો.

### કદરૂપું બતકડું


એક બતકીએ એક સુરક્ષિત જગ્યાએ ચાર ઈંડાં મૂક્યાં. તે ઈંડાં પર બેસતી અને બચ્ચાં બહાર આવવાની રાહ જોતી. એક દિવસ તેની નજર ઈંડાં પર પડી. તે વિચારમાં પડી :

''અરે! મેં ચાર ઈંડાં મૂક્યાં હતાં કે પાંચ? ચાર હતાં, ના ના, પાંચ હતાં; હુંય કેવી મા છું! મારા જ એક બચ્ચાને ભૂલી જાઉં છું.''

તે પાંચેય ઈંડાંને સેવવા લાગી. આખરે ખુશીનો દિવસ આવી ગયો. એક ઈંડું સહેજ સળવળ્યું. તેમાંથી ધીમો અવાજ સંભળાયો. ઈંડું ફૂટ્યું અને બચ્ચાએ બહાર ડોકિયું કર્યું. જોતજોતામાં બીજું, ત્રીજું અને ચોથું ઈંડું પણ ફૂટ્યું. થોડી વારમાં ચારેય 'ક્લક ક્લક' ગીત ગાવા લાગ્યાં. તેણે પાંચમા ઈંડા તરફ જોયું.

''મારું આ બચ્ચું ક્યારે બહાર આવશે? આ ઈંડું થોડું મોટું લાગે છે. જરૂર આ ઈંડાંમાંથી મારું સૌથી સુંદર બચ્ચું બહાર આવશે. એક દિવસ પછી એ ઈંડું પણ સળવળ્યું. અંદરથી ધીમો અવાજ સંભળાયો અને ઈંડું ફૂટ્યું તેમાંથી એક બચ્ચું બહાર નીકળ્યું. બતકીએ જેવું બચ્ચાને જોયું કે તેને થયું ''અરે! આ બચ્ચું તો થોડું મોટું લાગે છે. થોડું રાખોડી પણ છે. આમ કેમ થયું હશે?' પછી તરત મનમાં બોલી, ''હુંય કેવી મા છું! જુદું છે તો છે, મોટું છે તો છે, પણ બચ્ચું તો મારું જ છે ને હું તેને પણ તરતાં શીખવીશ.''

થોડા દિવસ પછી બતકી તેને પણ બીજાં બચ્ચાં સાથે તરવા લઈ ગઈ પણ બાકીનાં બચ્ચાં તેની મશ્કરી કરવા લાગ્યાં. કોઈએ તેને ધક્કો માર્યો તો કોઈએ તેના ઉપર ગંદું પાણી ફેંક્યું. બધાં કહેવા લાગ્યાં, ''અરે! આવું બતક હોય? આ તો કદરૂપું બતકડું છે.'' પછી તો બધાંએ તેનું નામ 'કદરૂપું બતક' પાડ્યું. બધાં બચ્ચાં





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કહેવા લાગ્યાં, ''મા, અમે આ કદરૂપા બતક સાથે નહીં રમીએ. અમે તેની સાથે નહીં તરીએ.''


માતા બતકે તેમને સમજાવ્યાં. ''બચ્ચાંઓ, તમારી જેમ આ પણ મારું જ સંતાન છે. તમે તેને આ રીતે છોડી દેશો તો કેમ ચાલશે?'' પણ કોઈ માન્યું નહીં. આ જોઈ બતકી ખૂબ દુઃખી થઈ. કદરૂપું બતક પણ ખૂબ દુઃખી થતું હતું.

એક દિવસ તેણે ઘર છોડી ક્યાંક બીજે ચાલ્યા જવાનો નિર્ણય કર્યો. તે ગયું એક સરોવરથી બીજા સરોવર અને બીજા સરોવરથી ત્રીજા સરોવર. ત્યાં તેણે મરઘીનું ટોળું જોયું. તેણે કહ્યું, ''કેમ છો બધાં?'' વૃદ્ધ મરઘી બોલી, ''તું કોણ?'' બતક બોલ્યું, ''હું બતકડું છું''

જુવાન મરઘો બોલ્યો, ''તું કોણ?'' બતક કહે,''હું બતકડું''. એકે કહ્યું, ''હેં! તું બતકડું? તું બતકડું? પણ તું તો કેવું કદરૂપું છે? તું તો સાવ વિચિત્ર છે. તું તો સાવ બદસૂરત છે. ચાલ, ભાગ અહીંથી, અહીં કોઈ તારા દોસ્તાર નથી.'' બતકડું દુઃખી થયું અને ત્યાંથી ચાલી નીકળ્યું.

પછી તે જ્યાં જ્યાં ગયું અને તેણે જેને જેને કહ્યું કે 'હું બતકડું છું.' તે બધાંએ તેને 'હેં! બતક આવું હોય! તું તો સાવ કદરૂપું છે.' એવું કહ્યું. બતકડું સાવ નિરાશ થઈ જતું.

પછી તે જંગલ પરથી ઊડ્યું, ખેતરો પરથી ઊડ્યું, અચાનક વાવાઝોડું શરૂ થયું. બતક સલામત સ્થળે આશરો શોધતું હતું. ત્યાં તેની નજર એક ઝૂંપડી પર પડી. તેણે ત્યાં રોકાવાનો વિચાર કર્યો. ઝૂંપડીનો દરવાજો ખખડાવ્યો. અંદરથી એક ડોશીમા બહાર આવ્યાં. બતકે કહ્યું,



''દાદી, હું તમારે ત્યાં રહું? હું તમને મદદ કરીશ.''

ડોશીમાએ કહ્યું : ''તું મને શું મદદ કરી શકે? પણ હા, વાવાઝોડું શાંત થાય ત્યાં સુધી તું અહીં રહી શકે.''

બે-ત્રણ દિવસ પછી વાવાઝોડું શાંત થયું. બતકે ફરીથી ઊડવાનું શરૂ કર્યું અને પહોંચ્યું એક



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સુંદર સરોવર પાસે. ત્યાં કેટલાંક હંસ પરિવારો રહેતાં હતાં. તેને થયું અહીં મને કદાચ મારા નવા દોસ્તો મળશે. તે બીજાં બચ્ચાંઓ પાસે પહોંચી ગયું. વૃદ્ધ હંસે કહ્યું, ''અરે! તું ભૂલું પડી ગયેલું છે! આવ, હવે આપણે સાથે જ રહીશું.''

''ના, ના, હું તમારી સાથે નહીં રહું; હું તો બતકડું છું, એક કદરૂપું બતકડું. અહીંથી થોડાં સરોવર દૂર મારો પરિવાર રહે છે. હું તમારી સાથે કેમ રહું?''


જુવાન હંસે કહ્યું, ''તું અહીં રહે, પણ કોઈને હેરાન કરવાના નહીં. બસ, અમારી જેમ રહેવાનું.'' હવે આ બતક હંસોની સાથે રહેવા લાગ્યું.

થોડા સમય પછી એક દિવસ તે સરોવર કાંઠે બેસી પાંખો ફફડાવતું હતું. ત્યાં એક હંસકન્યા આવી. તેણે કહ્યું, ''તું ખૂબ સુંદર છે. તું મારો મિત્ર બનીશ?''

બતકડું બોલ્યું, ''તું મારી મજાક કરે છે? બધાં મને કદરૂપું કહે છે.'' તેને પોતાની જાત પર શરમ આવી અને તેણે માથું નીચું કરી લીધું. હંસકન્યાએ કહ્યું, ''તું પાણીમાં તારું પ્રતિબિંબ ધ્યાનથી જો. તને ખબર પડશે કે આપણે બન્ને સરખા જ છીએ.''

તેની નજર પાણીમાં પડી અને તેણે પોતાનું પ્રતિબિંબ ફરીથી જોયું. તે ખરેખર ખૂબ સુંદર હતું. પણ તે બતક જેવું લાગતું ન હતું. તે તો એક રાજહંસ હતો. એક સુંદર યુવાન રાજહંસ. હવે તેને સમજાયું તેને બધાં 'કદરૂપું બતક' કેમ કહેતાં હતાં.

તેણે હંસકન્યાનો આભાર માન્યો અને તેની સાથે આકાશમાં ઊંચે-ઊંચે ઊડી ગયો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

૧. જો આ કદરૂપું બતકડું તમારી પાસે આવ્યું હોત તો તમે શું કર્યું હોત?

૨. જો તમે કદરૂપા બતકના ભાંડુ હો તો તમે શું નહીં કરો?

૩. તમને આ વાર્તામાં શું ગમ્યું અને શું ન ગમ્યું તે કહો.

૪. જો કોઈ ભૂલું પડીને તમારે ત્યાં આવી ચઢે તો તમે શું કરશો તે કહો.

૫. તમે કોની સાથે રમવાનું પસંદ કરશો?

૬. તમે કોની સાથે રમવાનું પસંદ નહીં કરો?

૭. આ વાર્તામાં તમને સૌથી વધારે કોણ ગમ્યું? કેમ?

૮. આ વાર્તામાં તમને કોણ ન ગમ્યું? કેમ?

૯. ધારો કે તમે 'કદરૂપું બતક' છો. તમારી માતાને ફોન કરો અને તમારી સાથે શું બન્યું તેની વાત કરો.

૧૦. તમારે કોઈ નવો/નવી મિત્ર બનેલ છે? પહેલીવાર તમારે કઈ રીતે વાત થઈ હતી? તમે શી વાત કરી હતી?

## નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો :

૧. આ બચ્ચું પણ તમારી જેમ મારું જ સંતાન છે.

૨. વરસાદ બંધ થાય ત્યાં સુધી અહીં રહે.

૩. હું કદરૂપું છું એટલે તું મારી મજાક કરે છે?

૪. તું ભૂલું પડ્યું છે!

૫. અમે તેની સાથે નહીં રમીએ.

૬. તું મારો મિત્ર બનીશ?

| કોણ | કોને |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે કહો. ✓ કે ✗ ની નિશાની કરો.

૧. બતકીએ પાંચ ઈંડાં મૂક્યાં હતાં. ☐
૨. તે કદરૂપું બતક નહીં પણ એક સુંદર રાજહંસ હતો. ☐
૩. બતકને હંસકન્યાએ સુંદર કહ્યો કે તરત જ તેને ખ્યાલ આવ્યો કે તે સુંદર હંસ છે. ☐
૪. બતકને ડોશીએ ઝૂંપડીમાં રહેવાની હા પાડી કે જેથી તે બતકનાં ઈંડાં લઈ શકે. ☐
૫. જુવાન મરઘો બતકના અસલી રૂપને ઓળખી ગયો. ☐

## કદરૂપું બતક જે કરતું હોય તેની પાછળના ખાનામાં ✓ કરો, જે ન કરતું હોય ત્યાં ✗ કરો.

| | | |
|---|---|---|
| ૧. ખૂબ ઊંચે ઊડતું. ☐ | ૨. ખૂબ ઝડપથી તરતું. ☐ | ૩. કૂતરાની સામે થઈ જતું. ☐ |
| ૪. પોતાનું પ્રતિબિંબ જોવા અરીસો રાખતું. ☐ | ૫. પોતાના ભાઈ-બહેનને ખૂબ હેરાન કરતું. ☐ | ૬. કદી રડતું નહીં. ☐ |
| ૭. ખૂબ દુઃખી થતું. ☐ | ૮. હંમેશાં એકલું રહેવાનું પસંદ કરતું. ☐ | ૯. કદી હિંમત હારતું નહીં. ☐ |
| ૧૦. બતકની જેમ ડરતું હતું. ☐ | ૧૧. તે પોતાને શક્તિશાળી માનતું હતું. ☐ | ૧૨. હંમેશાં નવા મિત્રો બનાવવા પ્રયત્ન કરતું હતું. ☐ |

## એક-બે વાક્યોમાં જવાબ લખો :

૧. પાંચમું ઈંડું કોનું હતું? ______
૨. બતકમાતાને ખબર કેમ ન પડી? ______
૩. તેને બધાં કદરૂપું કહેતાં હતાં તેનું કારણ શું હતું? ______
૪. કદરૂપા બતકે ઘર છોડવાનું નક્કી કેમ કર્યું? ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો? કહો.

વિદ્યાર્થીઓના જૂથ પાડી દરેકને એક એક વિધાન આપી ચર્ચા કરી રજૂ કરવાનું કહો.

૧. જો તમે બતકમાતા હો તો શું કરશો?
૨. જો તમે યુવાન મરઘો હો તો શું કરશો?
૩. તમારી શાળામાં કે પાડોશમાં કોઈ દિવ્યાંગ હોય તો તેની સાથે બધાં રમે તેને માટે તમે શું કરશો?
૪. તમારે કોઈ તકલીફ હોય અને બીજાં બાળકો તમારી સાથે ના રમતાં હોય તો તમે શું કહેશો?
૫. માતાને માટે બધાં બાળકો એકસરખાં હોય છે તે સમજાવવા તમારી આસપાસમાંથી તમે કોનું ઉદાહરણ આપશો?
૬. તમે વિદ્યાર્થીઓને કોઈક વિદ્યાર્થીની મશ્કરી કરતા જોયા છે? તેઓ શું શું કરે છે? તેમને આમ કરતાં અટકાવવા તમે શું કરશો?
૭. જો બતકને હંસકન્યા ના મળી હોત તો બતકનું શું થાત?

## તમારા બે મિત્રોનો પરિચય વર્ગને આપો. તેમની વચ્ચે શું સરખું છે અને શું જુદું છે તે કહો :

## રાજહંસ દોરતાં શીખો.



## નીચેનાં વિધાનો કોણ બોલી શકે તે લખો :

૧. આ બતકડું જબરું દેખાય છે. માતા ભલે તેને આપણી સાથે રમાડવા કહે પણ આપણે તેને નહીં જ રમાડીએ. ____________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. આ બતક નથી લાગતું. તેને લાંબો સમય ઝૂંપડીમાં રહેવા ન દેવાય.

૩. આ પક્ષી ખાઈ શકાય તેવું લાગતું નથી.

૪. હે ઈશ્વર, મારું બચ્ચું કેમ કોઈને ગમતું નથી?

૫. બધા મને કેમ ધિક્કારે છે?

- **ચાલો, ગાઈએ ગીતડું :** ઊંચા ઊંચા ડુંગર ચડશું...

**રીડિંગ ક્રિકેટની રીતે 'કદરૂપું બતકડું' વાંચો :**


**વાંચો અને ભજવો.**

**મમ્મી :** મુન્ની કેમ રડે છે, તુષાર?

**તુષાર :** એને ઘોડિયામાંથી બહાર નીકળવું છે. તેથી તે રડે છે.

**મમ્મી :** તો એને બહાર કાઢ ને!

**તુષાર :** એને તેડું તો વધારે રડે છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**મમ્મી :** એવું શા માટે કરે છે?

**તુષાર :** કદાચ, મારા હાથ ભીના છે એટલે.

**મમ્મી :** હાથ લૂછતો કેમ નથી?

**તુષાર :** નૅપ્કિન નથી મળતો એટલે.

**મમ્મી :** અહીં આવ, હું લૂછી દઉં.

(તુષાર ઘોડિયા પાસે જ નમીને ઊભો રહે છે.)

**મમ્મી :** આવતો કેમ નથી?

**તુષાર :** આ મુન્ની મારો હાથ છોડતી જ નથી.

- **દરેક પ્રશ્નના આખા વાક્યમાં બે વાર જવાબ આપો. એકવાર 'એટલે' અને બીજી વાર 'તેથી' બોલીને.**

૧. મુન્ની કેમ રડે છે?

૨. તુષાર અડે ત્યારે મુન્ની શા માટે વધારે રડે છે?


૩. તુષાર હાથ શા માટે લૂછતો નથી?

૪. તુષાર શા માટે ઘોડિયા પાસે નમીને ઊભો રહ્યો?

૫. તુષાર મમ્મી પાસે હાથ લુછાવવા કેમ ના ગયો?

## જુઓ, વાંચો અને લખો :

ઉદાહરણ :



પ્રશ્ન : પ્રજ્ઞેશ કેમ ખુશ છે?

વાક્ય : ૧. પ્રજ્ઞેશને આઈસક્રીમ મળ્યો છે તેથી ખુશ છે.

૨. પ્રજ્ઞેશને આઈસક્રીમ મળ્યો એટલે ખુશ છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧. કૃતિકા કેમ રડે છે?



૨. હર્ષાબહેને છત્રી કેમ ઓઢી છે?



૩. અંકિત દોડમાં કેમ જીત્યો?



૪. બાળકો કેમ ખુશ છે?



૫. નરેન્દ્રભાઈ કેમ લપસી પડ્યા?



૬. શ્વેતા કેમ પડી ગઈ?





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો, બોલો, લખો :

ઉદાહરણ : દવા કેમ લેવી પડે? તાવ આવ્યો છે તેથી/એટલે.

૧. બ્રશ શા માટે કરીએ છીએ? :

૨. ચોકલેટ કેમ ખરીદી? :

૩. અશ્વિન શા માટે રડ્યો? :

૪. જાગૃતિ શા માટે દોડી? :

૫. વહેલા કેમ ઊંઘી ગયા? :

## કયું બરાબર સમજાય છે ? બરાબર લાગે તેની સામે ✓ કરો. જો બરાબર ન લાગે તો નીચે લીટી કરેલો શબ્દ બદલીને કૌંસમાંથી બીજો વિકલ્પ મૂકો. (કે, અને, તો પણ, એટલે)

૧. કોમલ અને કરીના વાતો કરે છે.

૨. તને શું ભાવે, કેરી કે કેળાં?

૩. કાલે સોમવાર છે અને મંગળવાર?

૪. થેલીમાં ખૂબ ભાર હતો અને મેં ઊંચકી લીધી.

૫. તેણે છાલ ઉતારી તો પણ કેળું ખાવાનું શરૂ કર્યું.

૬. હાથ ધુઓ કે જમી લો.

૭. તે ઇનામ જીત્યો એટલે બધાએ તેને અભિનંદન આપ્યા.

૮. વરસાદ પડતો હતો તો પણ તેણે છત્રી લીધી.

૯. શાહમૃગના પગ લાંબા હોય છે તો પણ તે ઝડપથી ચાલે છે.

૧૦. ખૂબ વરસાદ પડતો હતો એટલે બતકડું ઝૂંપડીમાં રોકાયું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જે-જે શબ્દો બરાબર ન લાગે તે-તે શબ્દો છેકી નાખો.

ઉ.દા. : હું ઘરેથી મોડી નીકળી **અને/કે/તેથી/પણ** નિશાળે સમયસર પહોંચી.

૧. તેણે આકાશમાં વિમાન જોયું **અને/કે/તેથી/પણ** તે ખુશ થઈ ગયો.

૨. હંસકન્યાએ તેને કહ્યું **અને/કે/તેથી/પણ** તે ખૂબ જ સુંદર દેખાય છે.

૩. કાણી ડોલમાં ગમે તેટલું પાણી ભરો **અને/કે/તેથી/પણ** ડોલમાં પાણી રહેશે નહીં.

૪. રસ્તામાં કેળાની છાલ હતી **અને/કે/તેથી/પણ** તેનો પગ લપસી ગયો.

કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી સંવાદ પૂર્ણ કરો. (અને, પણ, તો પણ, કે,એટલે, અથવા)

**મમ્મી :** બેટા, તાવ ઊતર્યો ?

**રાધા :** હા, તાવ નથી ______ પગ દુ:ખે છે.

**મમ્મી :** તું દવા લે છે ______ ખોરાક તો સરખો લેતી નથી.

**રાધા :** હા મમ્મી, દવા બહુ કડવી છે મને દવા જોડે ખાંડ આપ ______ ગોળ આપ. પણ જલદી કર.

**મમ્મી :** જો બેટા, ડૉક્ટરઅંકલ કહેતા હતા ______ દવા કડવી હોય ______ લેવી તો પડે જ. આજે તું શાળાએ ન જઈશ. આરામ કર ______ ઓછો ખોરાક લે.

**રાધા :** આજે અમારી શાળામાં રમતગમત સ્પર્ધા છે, ______ મને શાળાએ જવાની ઈચ્છા છે.

**મમ્મી :** હું તારા વર્ગશિક્ષકને રજાચિઠ્ઠી મોકલાવું છું. આજે તો તું દવા લે ______ આરામ કર.

નીચેનો ફકરો વાંચો અને તેમાં ખાલી જગ્યામાં-અને, તો પણ, છતાં, પણ, કે, એટલે, તેથી-આ શબ્દોમાંથી યોગ્ય શબ્દ મૂકો.

**નોંધ : વાક્યમાં જ્યાં પક્ષી કે પ્રાણી કહે તેમ લખ્યું છે તેને સ્થાને જે-તે પક્ષી કે પ્રાણીનો અવાજ કરવો જેમ કે ચકલી કહે તેમ લખ્યું હોય તો 'ચીં ચીં ચીં' બોલવું.**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એક જંગલમાં ઘણાં પ્રાણીઓ અને પક્ષીઓ રહે.

એક ઝાડ પર ચકલીઓએ માળા બાંધ્યા હતા. ઘણા દિવસ પછી તેના પાડોશીએ તેને જોઈ.

કબૂતર : ચકલીબહેન, તમે આટલા દિવસ ક્યાં હતાં?

ચકલીઓ કહે : અમે બધાં સાથે મળીને રહીએ છીએ. ________ કાગડાભાઈ રોજ અમને હેરાન કરે છે.

કબૂતર કહે : તમને કાગડો હેરાન કરે છે ________ તમે કોઈને કહેતાં નથી.

ઘુવડ કહે : અમે આટલા બધા તમારી સાથે છીએ ________ તમને હેરાન કરે છે?

બતક બોલ્યું : તમે બહુ શાંત છો ________ તમને હેરાન કરે છે.

હંસ બોલ્યો : અમને તો ખબરેય ન પડી ________ તમે આટલાં દુઃખી હતાં.

કોયલ કહે : કાગડાને કહી દો ________ તમને હેરાન કરવાનું બંધ કરે ________ દૂર ક્યાંક બીજી જગ્યાએ જતો રહે.

ચકલી : તે પોતાનો માળો નહીં બદલે. ________ મને મદદ કોણ કરશે?

કોયલ : હું તમને મદદ કરીશ ________ કાગડાને પાઠ ભણાવીશ.


## ગીત :

ચકલી કરતી હૂપાહૂપ
ને વાનર કરતો ચીં ચીં,
વેંત એકના વાનરભાઈ
ને ચાર ફૂટની ચકલી,
એવું અમને સપનું આવ્યું,
અસલી હોય કે નકલી!
ચામાચીડિયું ચણતું ફળિયે
કાબર ડાળે લટકી,





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



સિંહને બટકું ભરી ગયેલ
ઘેટાથી સિંહણ ડરતી,
સાચી હોય કે ખોટી,
દુનિયા સપનાંની બહુ ગમતી!

પાણી ભરતી કીડીબહેનની,
અમે જ્યાં ગાગર ઢોળી,
કીડી અમારી પાછળ દોડી,
ભાગી આખી ટોળી,
સપનું પણ ભાગી ગયું,
જ્યાં જરાક આંખો ખોલી.



- જીતુ ત્રિવેદી

## વાતચીત :

૧. તમને આ કવિતામાં સૌથી વધુ શું ગમ્યું?

૨. તમને કેવાં-કેવાં સપનાં આવે?

૩. તમારું કોઈ એક સપનું બધાંને સંભળાવો.

## કવિતાને આધારે સાચો વિકલ્પ પસંદ કરી વાક્ય પૂરું કરો :

**ઉદાહરણ :** ઘેટાએ સિંહને બટકું ભર્યું તેથી / કે

(અ) સિંહે ઘેટાને માર્યું. (બ) સિંહણ નાસી ગઈ. (ક) ઘેટાનો દાંત પડી ગયો.

જવાબ : ઘેટાએ સિંહને બટકું ભર્યું તેથી સિંહણ નાસી ગઈ.

૧. સપનાની વાતો નકલી હતી અને/છતાં

(અ) આ વાતો ગમતી હતી. (બ) આ વાતો રડાવતી હતી.

(ક) આ વાતો ઊંઘ લાવતી હતી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. બાળકે આંખ ચોળી છતાં/એટલે

(અ) આંખ દુઃખવા લાગી. (બ) સપનું સાચું પડ્યું. (ક) સપનું ભાગી ગયું.

૩. મેં કીડીની ગાગર ઢોળી તેથી/છતાં

(અ) કીડી રીસાઈ ગઈ. (બ) કીડી ચકલી થઈ ગઈ. (ક) કીડી અમારી પાછળ દોડી.

૪. આ કવિતામાં વાનર એક વેંતનો છે અને/કે

(અ) હૂપાહૂપ કરે છે. (બ) કલબલ કરે છે. (ક) ચીં ચીં કરે છે.

## કવિતાને આધારે વાક્ય સુધારો :

૧. ચકલી એક વેંતની હતી અને હૂપાહૂપ કરતી હતી.

૨. કીડી પાસે પાણીની ડોલ હતી.

૩. સિંહે ઘેટાને બટકું ભર્યું.

૪. ચામાચીડિયું ઝાડ પર લટકતું હતું.

૫. કીડીએ ચટકો ભર્યો એટલે સપનું ઊડી ગયું.

## આપેલા શબ્દોમાંથી ઓછામાં ઓછા ત્રણ શબ્દ બનાવો :

ઉ.દા. : વરસાદ-સાદ, વર, વદ, દર, સાર, સાવ

૧. વાતાવરણ -

૨. રાજહંસ -

૩. બાળપણ -

૪. મનપસંદ -

૫. જળકૂકડી -



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **ચાલો, ગાઈએ ગીતડું :** ઊંચા ઊંચા ડુંગર ચડશું...

**જૂથમાં કામ કરો. દરેક શબ્દ માટે આપેલાં વાક્યો વાંચો. દરેક શબ્દ લઈને એક નવું વાક્ય બનાવો અને લખો. તમારું વાક્ય બીજા જૂથના વાક્ય સાથે સરખાવો.**

૧. સળવળ્યું - ધીમેથી હલ્યું

- જેવો તેણે બૂટમાં પગ નાખ્યો કે અંદર કશુંક સળવળ્યું.
- ઘાયલ પક્ષી પર પાણી છાંટ્યું પછી તે સળવળ્યું.
- 

૨. ડોકિયું કર્યું - નજર નાખી.

- રસોડામાંથી સુગંધ આવતી હતી તેથી મનીષાએ રસોડામાં ડોકિયું કર્યું અને શું બને છે તે જોયું.
- આચાર્યાબહેન આવ્યાં છે કે નહીં તે જોવા લતાની મમ્મીએ ઑફિસમાં ડોકિયું કર્યું.
- રાધાએ વરસાદ પડે છે કે નહીં તે જોવા બારીમાંથી ડોકિયું કર્યું.
- 

૩. પ્રતિબિંબ - અરીસામાં કે પાણીમાં દેખાતી પોતાની આકૃતિ

- મેં દર્પણમાં મારું પ્રતિબિંબ જોયું.
- કદરૂપા બતકે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું.
- 

૪. સંતાન - પુત્ર / પુત્રી

- બતકી રાજહંસના બચ્ચાને પોતાનું સંતાન માનતી હતી.
- સંતાનો પોતાના માતાપિતાની આજ્ઞા માને.
- 

૫. સુરક્ષિત - સલામત

- પક્ષીઓ માળો બાંધવા સુરક્ષિત જગ્યા શોધે છે.
- ઘર તડકો, ઠંડી, વરસાદથી બચાવે; તેમાં આપણે સુરક્ષિત રહીએ છીએ.
- 



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૬. નામ પાડવું - બીજા નામે બોલાવવું

- બધાએ તેનું નામ કદરૂપું બતક પાડ્યું.
- શાળામાં બાળકો એકબીજાનાં નામ પાડે છે અને ખીજવે છે.
- તમારા મિત્રએ તમારું શું નામ પાડ્યું છે ? કેમ?
-

૭. કદરૂપું - બેડોળ, જેનો દેખાવ ન ગમે તેવું, સુંદર ન હોય તેવું

- માતાને કોઈ સંતાન કદરૂપું ન લાગે.
- બધાં બતકના પાંચમા બચ્ચાને કદરૂપું કહેતાં કારણ કે તે બતક જેવું દેખાતું ન હતું.
-

**જોડીમાં કામ કરો. તમારા શિક્ષક ફકરો બોલશે, તમે તમારા જોડીદાર સાથે મળીને તે લખો. લખી રહ્યા પછી, બંને સાથે મળીને તમારા ફકરામાં થયેલી ભૂલોને સુધારીને ફરીથી લખો. તમારો ફકરો બીજા જૂથ સાથે સરખાવો.**

એકમ-૨ની વાર્તા 'વાંદળાંની ગમ્મત' માંથી પાંચ લીટી લખાવો.

સુધારેલો ફકરો :

સો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શું ઘાટું, શું ઝાંખું? ઉકેલો, કહો :

૧. શું ગુલાબી? : લગા કે ઠહો

૨. શું કાળું? : ળવા કે ખઆંની કીકી

૩. શું લીલું? : ચુંરમ કે ટપપો

૪. શું ધોળું? : ધદૂ કે હીંદ

૫. શું પીળું? : લીમડાનું કુંપા નપા કે કીપા રીકે

## ત્રણના જૂથમાં કામ કરો. આપેલો ફકરો વાંચો, સમજો, જવાબ લખો.

રશ્મિને બાદ કરતાં બધાં બાળકો વર્ગમાં આવી ગયેલાં. સિલ્વેરાનાં મમ્મીએ આવી ગયેલાં બાળકોની સંખ્યા ગણી. તે પ્રમાણે તેમણે ડિશ તૈયાર કરી. તેમણે ડિશમાં ચટણીને બાદ કરતાં બધી વાનગી ગોઠવી દીધી. બધાં બાળકોની નજર ડિશમાંની લંબચોરસ વસ્તુ પર હતી. તેને કારણે મોઢામાં આવતું પાણી રોકવા બાળકો પ્રયત્ન કરતાં હતાં. સિલ્વેરાના મમ્મીએ ચટણી ઉમેરતાં જઈ બધાંને એક પછી એક ડિશ આપી. એટલામાં નાનાં-નાનાં પગલાં ભરતો રશ્મિ આવ્યો. રશ્મિ ઉમેરાતાં બાળકોની સંખ્યા અઠ્ઠાવીસે પહોંચી. હવે બધાંને નિરાંત થઈ કેમકે નાસ્તો કરીને જોડીમાં રમવાનું હતું; તે માટે પૂરતી સંખ્યા થઈ ગઈ.

૧. સિલ્વેરાનાં મમ્મીએ ગણ્યાં ત્યારે બાળકોની સંખ્યા કેટલી હતી? ____________

૨. શાના કારણે બાળકોના મોઢામાં પાણી આવી ગયેલું? ____________

૩. રશ્મિની ઊંચાઈ વધારે હશે કે ઓછી? ____________

૪. સિલ્વેરાનાં મમ્મીએ ડિશમાં શું મૂકવાનું બાકી રાખ્યું? ____________

૫. એક જોડી એટલે કેટલાં બાળકો? ____________

૬. આપેલા શબ્દ માટે સાચા અર્થ સામે ✓ કરો.

(ક) પગલાં :
- ☐ ભીની માટીમાં બગલાંનાં પગલાં હતાં.
- ☐ માણસને બે જ્યારે પશુને ચાર પગ હોય.
- ☐ વીસ પછી દસ પગલાં ભરતાં ત્રીસ આવે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(ખ) સંખ્યા : ☐ ચાર સખીઓ રમતી હતી.

☐ અભિષેકે પોતાની લખોટીઓની સંખ્યા ગણી.

☐ ફિરોઝના દફતરમાં મોટી સંખ્યામાં દેડકાં હતાં.

(ગ) બાદ : ☐ ધ્રુવને બાદ કરતાં બધાંને બિસ્કિટ મળી ગયાં.

☐ મોસંબી બાદ કરતાં ઈકરાને બધાં ફળ ભાવે.

☐ બાદલ એક ઘોડો હતો.

(ઘ) ઉમેરતાં : ☐ પાંચ વર્ષની ઉંમરે તેને વાર્તા કહેતાં આવડી ગઈ.

☐ જરાક ખાંડ ઉમેરતાં શરબત ગળ્યું થઈ ગયું.

☐ બે શબ્દ ઉમેરતાં વાક્ય મજેદાર થઈ ગયું.

૭. ઘટનાના ક્રમ પ્રમાણે ગોઠવો.

☐ રશ્મિ આવ્યો.

☐ બાળકોના મોઢામાં પાણી આવ્યું.

☐ સિલ્વેરાનાં મમ્મીએ બધાં બાળકોને નાસ્તો આપ્યો.

☐ રશ્મિ સિવાયના બધાંને હવે નિરાંત થઈ.

☐ સિલ્વેરાનાં મમ્મીએ બાળકોની સંખ્યા ગણી.

## મોટેથી વાંચો :

ચકલી ડાળે બેઠી'તી
ચકા સાથે રમતી'તી
મીઠી વાતો કરતી'તી
ગોળ ગોળ ફરતી'તી.

આભનાં ઓઢણાં
ઓઢીને ઊંઘો
સોણલાં સૂંઘો
ઘર જાણે ભૂંગો

## હસો :

**શિક્ષક** : જરા હસો.

**વિદ્યાર્થીઓ** : હા... હા... હા... હા...

**શિક્ષક** : અરે! મને જોક તો કહેવા દો!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in